# ઉત્તરાયણ-પતંગોત્સવ સામાજિક સમરસતા-સૌહાર્દનું પર્વ : મુખ્યમંત્રી

ગાંધીનગર, તા. ૮

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ પતંગોત્સવ-ઉત્તરાયણને સામાજિક સમરસતા-સૌહાર્દનું એકતાપર્વ વર્ણવ્યું છે.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ રાજયપાલ ઓ.પી. કોહલી અને વિધાનસભા અધ્યક્ષ રમણભાઈ વોરાની પ્રેરક ઉપસ્થિતિમાં આંતરરાષ્ટ્રીય પતંગોત્સવનો રંગારંગ પ્રારંભ અમદાવાદમાં કરાવ્યો હતો.

ગુજરાતના રાજયપાલ ઓમપ્રકાશ કોહલીએ સૂર્યનારાયણની ઉત્તર તરફથની ઉર્ધ્વગતિ જેમ સમાજજીવન પણ ઉર્ધ્વગતિ સૌહાર્દ-સંવાદિતાનું પર્વ મકર સંક્રાંતિ છે તેમ જણાવ્યું છે.

રાજ્યપાલશ્રીએ વિવિધતામાં એકતા ધરાવતા આપણા સમાજમાં સૌ સાથે મળીને વિકાસ માટે ખભે ખભો મિલાવી કાર્યરત થાય તેની આવશ્યકતા વર્ણવતા ઉમેર્યું કે પતંગ-દોરી, પવન-સૂર્યની જેમ સંવપાદિતા સાધીને જ આપણે જીવનની ઉંચાઈઓ પાર કરી શકીશું.

મુખ્યમંત્રીએ કહ્યું કે, પતંગની ઉંચી ઉડાન જેમ સાડા ૬ કરોડ ગુજરાતીઓ પોતાની શક્તિ-સામર્થ્ય-સૂઝબૂઝથી રાજ્યની વિકાસની પણ વૈશ્વિક ઉડાન ભરી રહ્યું છે.

તેમણે રાજ્ય સરકારના સૌના સાથ સૌના વિકાસના ધ્યેય મંત્ર સાથે જીવ માત્ર પ્રત્યે સંવેદનાની અનુભૂતિ કરાવતા કરૂણા અભિયાન અંગે આ ઉત્તરાયણ પર્વ સૌ સમાજ વર્ગો અનોખી રીતે મનાવશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. વિજયભાઈ રૂપાણીએ ઉત્તરાયણનું પર્વ નિર્મળ રંગોથી સૌનું જીવન ખુશાલીના રંગોથી ભરનારૂ બને તેવી શુભેચ્છા પાઠવી હતી.

પ્રવાસન મંત્રી ગણપતસિંહ વસાવાએ જણાવ્યું કે ભારતીય સંકૃતિ-પરંપરા ઉત્સવની ઉજવણીની પરંપરા છે. રાજ્ય સરકારે પ્રવાસનને ઉદ્યોગનો દરજ્જો આપ્યો છે, જેના પરિણામે ગુજરાતમાં પ્રવાસીઓની સંખ્યામાં ૧૮ ટકાની વૃદ્ધિ થઈ છે.

પતંગોત્સવના આ અવસરે મંત્રીઓ સર્વ પ્રદિપસિંહ જાડેજા, નિર્મલાબેન વાઘવાણી, વલ્લભભાઈ કાકડિયા, કેશાજી ચૌહાણ, સંસદીય સચિવ બાબુભાઈ પટેલ, ધારાસભ્યો સર્વ ભુષણભાઈ ભટ્ટ, સુરેશભાઈ પટેલ, રાકેશભાઈ શાહ, પ્રવાસન નિગમના ચેરમેન કમલેશભાઈ પટેલ, મેયર ગૌતમભાઈ શાહ, સચિવો સર્વ એસ.જે. હૈદર, વી.પી. પટેલ, પ્રવાસન કમિશનર એન. શ્રીવાસ્વતવ, મ્યુનિસપલ કમિશનર મુકેશકુમાર, કલેક્ટર અવંતિકાસીંઘ તથા પદાધિકારી-અધિકારીઓ ઉત્સવપ્રેમી નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.







## અતિની આજ

● ૪ પાનાનું ચાલુ...

શાસક હતા. મુંબઈમાં શિવાજી સ્મારકના ભૂમિપૂજનની સાથે જ પૂણેમાં પણ વડા પ્રધાન મોદીએ રાષ્ટ્રવાદી કોંગ્રેસના સુપ્રીમો શરદ પવારને સાથે રાખીને મેટ્રો રેલનું ભૂમિપૂજન પણ કર્યું. ૨૦૦૪થી આ પ્રકલ્પ ચર્ચામાં રહ્યો છે. છત્રપતિ શિવાજીની પ્રતિમાનું કે સ્મારકનું સ્વતંત્ર ભારતમાં જ આયોજન થાય એવું નથી. ૧૯ ડિસેમ્બર ૧૯૨૧ના રોજ પ્રિન્સ ઓફ વેલ્સને પણ તેડાવીને છત્રપતિ શિવાજીના વંશજ રાજર્ષિ શાહૂ મહારાજે તેમના હસ્તે શિવાજી મહારાજના સ્મારકની પાયાભરણી (શિલાન્યાસ) કરાવી હતી. બ્રિટિશ સામ્રાજ્યના વારસદારે પણ એ વેળા છત્રપતિ શિવાજીનો ગૌરવથી ઉલ્લેખ કર્યો હતો.

છત્રપતિ શિવાજી ભણી આદર વ્યક્ત કરવામાં મહારાષ્ટ્રની ૧૧ કરોડની વસ્તીમાં મહદઅંશે સંમતિ વર્તાતી હોવા છતાં સત્તાધારી મોરચામાં જ શિવાજીના જન્મદિવસ અને જીવનની ઘટનાઓ સાલવારી બાબત સંમતિ નથી. અગાઉની શાસક પાર્ટીઓ કોંગ્રેસ અને રાષ્ટ્રવાદી કોંગ્રેસની જેમ જ ભારતીય જનતા પક્ષ પણ સત્તામાં આવ્યા પછી ૧૯ ફેબ્રુઆરીને જ શિવાજીની જન્મજયંતી મનાવે છે અને જાહેર રજા આપે છે. આનાથી વિપરીત મિત્રપક્ષ શિવ સેના તો દર વર્ષે ૮ માર્ચે જ શિવાજીની જન્મજયંતી મનાવવા પાછળ હિંદુ પંચાંગનો હવાલો આપે છે. હકીકતમાં આ બંને જન્મતારીખો સાચી નથી. મુંબઈની ટાટા ઈન્સ્ટિટ્યુટ ઓફ ફંડામેન્ટલ રિસર્ચ (ટીઆઈએફઆર) જેવી પ્રતિષ્ઠિત સંશોધન સંસ્થાના ડૉ. મયંક વહીયા જેવા કચ્છી વૈજ્ઞાનિક સહિતનાઓએ છત્રપતિ શિવાજીની સાચી જન્મતારીખ ૧ માર્ચ ૧૬૩૦ હોવાનું પ્રતિપાદિત કર્યું છે.

અને છેલ્લે

મહાત્મા ગાંધી અને સરદાર પટેલ મહાપુરુષોની પ્રતિમાઓ અને સ્મારકોના વિરોધી હોવા છતાં એ બંનેની પ્રતિમાઓ અને સ્મારકો સહિત અનેક ઈતિહાસપુરુષોની પ્રતિમાઓ અને સ્મારકો ઠેર ઠેર જોવા મળે છે. છત્રપતિ શિવાજીના સ્મારક પાછળ ૩૬૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવે, એના બદલે એ નાણાં પ્રજાની સુખાકારી માટે વપરાય એવી એક ઝુંબેશ પણ ચલાવાઈ. વળી મુંબઈના દરિયામાં આવું સ્મારક માછીમારોને પ્રતિકૂળ થશે, એવી દલીલ રજૂ કરીને એનું સ્થળ બદલવાની પણ માગણી ઊઠી છે. મહારાષ્ટ્રના પ્રતિષ્ઠિત મરાઠી દૈનિક 'મહારાષ્ટ્ર ટાઈમ્સ'માં ૩૬૦૦ કરોડ રૂપિયામાં શું થઈ શકે, એની સચિત્ર માહિતી આપતાં જણાવાયું છે કે વર્ષ ૨૦૧૫-૧૬ માટે મુંબઈ મહાનગર પાલિકાનું આરોગ્ય બજેટ ૩૬૯૪ કરોડ રૂપિયાનું છે, મુંબઈ મહાનગર પાલિકાની શાળાઓનું બજેટ ૨૫૦૦ કરોડ રૂપિયાનું છે અને રાજ્યભરમાં બધાં ગામોને પીવાનું પાણી પહોંચાડવાનું બજેટ રૂપિયા ૨૫૦૦ કરોડનું છે. રાજ્યના દુષ્કાળગ્રસ્ત ખેડૂતોને નુકસાન ભરપાઈના રૂપિયા ૧૦૦૦ કરોડ અને રવિપાક નુકસાનીના પાકવીમાના ૮૦૦ કરોડ રૂપિયાની ચૂકવણી સરકારે ટલ્લે ચડાવી છે. જોકે આ બધા બુદ્ધિજીવીઓએ રાજકીય શાસકો મતનો મોલ (ફાલ) લણવા અમર્યાદ બજેટ વાપરી શકતા હોવાની વાતને સમજવી પડશે. એમાં માત્ર તર્ક ચાલે નહીં. પ્રજાની ભાવનાને ઉશ્કેરવામાં રાજનેતાઓ પાવરધા હોય છે.

- haridesai@gmail.com

# ગાંધીનગર-અમદાવાદમાં જડબેસલાક બંદોબસ્ત

વાઈબ્રન્ટ ગુજરાત ૨૦૧૭ને લઈને અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી રહી છે. ગાંધીનગર અને અમદાવાદ પોલીસ દ્વારા સુરક્ષા વ્યવસ્થા તથા સુરક્ષા તૈયારીની પુરતી ચકાસણી કરી લેવામાં આવી છે. વાઈબ્રન્ટ સમિટનું આયોજન કરવામાં આવી ચુક્યું છે. આ વાઈબ્રન્ટ સમિટ ૧૦મી જાન્યુઆરીથી લઈને ૧૩મી જાન્યુઆરી દરમિયાન યોજાનાર છે જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ ભાગ લેનાર છે. વીવીઆઈપી સિક્યુરિટી ડ્રીલને લઈને રિહર્સલની કામગીરી ચાલી રહી છે. સ્પેશિયલ ફોર્સની ટીમો પણ પહોંચી ચુકી છે. રાજ્ય પોલીસમાં રહેલા સુત્રોએ કહ્યું છે કે, સ્પેશિયલ પ્રોટેક્શન ગ્રુપ (એસપીજી) દ્વારા એડવાન્સ સુરક્ષા પાસાઓ ચકાસવામાં આવી ચુક્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી પહોંચે તે પહેલા જ વરિષ્ઠ પોલીસ અધિકારીઓ, આઈબીના અધિકારીઓ અને અન્ય સુરક્ષા સંસ્થાઓની એન્ટ્રી થઈ ચુકી છે. સાયસન્સ સિટી, મહાત્મા મંદિર, ગિફ્ટ સિટીમાં જુદા જુદા કાર્યક્રમો યોજાનાર છે.

આ તમામ જગ્યાઓ ઉપર પાસ નહીં ધરાવનાર લોકો એન્ટ્રી કરી શકશે નહીં. જુદા જુદા પ્રકારના પાસ પણ રાખવામાં આવ્યા છે જેમાં ગોલ્ડ, સિલ્વર, રેડ, બ્લ્યુ, ગ્રીન અને યલોનો સમાવેશ થાય છે. ઈવેન્ટ અને સુરક્ષા ચકાસણી માટે આ પાસ જારી કરવામાં આવ્યા છે. શનિવાર સવારથી જ પોલીસ જવાનો તમામ જગ્યાઓ ઉપર ગોઠવાઈ ચુક્યા છે. રાજ્ય પોલીસ દ્વારા પણ તમામ સંશાધનોનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે જેમાં બોંબ ડિટેક્શન અને ડિસ્પોઝલ ટુકડી, ક્વિક રિસ્પોન્સ ટીમ અમદાવાદ અને ગાંધીનગરમાં પહોંચી ચુકી છે. અમદાવાદ શહેર પોલીસમાં પણ હાલ ભારે ભાગદોડ મચેલી છે. મોટી સંખ્યામાં જવાનો તૈયાર કરી લેવામાં આવ્યા છે.

## ૧૦૦થી પણ વધુ ચાર્ટર્ડ વિમાનો પહોંચી શકે છે

વાઈબ્રન્ટ ગુજરાત સમિટ આડે ગણતરીના દિવસો રહ્યા છે ત્યારે અમદાવાદ વિમાની મથક પણ વિશ્વભરમાંથી આવનાર મહેમાનોના સ્વાગત માટે સંપૂર્ણપણે તૈયાર છે. અધિકારીઓના કહેવા મુજબ ૯મી જાન્યુઆરીથી લઈને ૧૨મી જાન્યુઆરી વચ્ચેન ાગાળા દરમિયાન અમદાવાદ વિમાની મથકે આશરે ૧૦૦ ચાર્ટર્ડ વિમાનો પણ પહોંચશે. વિમાની મથકે સુરક્ષા પાસાની ચકાસણી કરી લેવામાં આવી છે. જો અમદાવાદ વિમાની મથકે ચાર્ટર્ડ વિમાનો માટે પાર્કિંગની સુવિધા રહેશે નહીં તો વડોદરા, સુરત, રાજકોટ અને જયપુર વિમાની મથકોએ પણ આ ચાર્ડર્ડ વિમાનોને પાર્ક કરવામાં આવશે. તમામ વિમાનોમાં મોટા વીઆઈપી લોગો, ઉદ્યોગપતિઓ પહોંચનાર છે. વાઈબ્રન્ટ સમિટને લઈને તમામ તૈયારીઓ કરવામાં આવી રહી છે. વાઈબ્રન્ટ સમિટને લઈને હવામાન વિભાગ દ્વારા પણ જણાવવામાં આવ્યું છે કે કોઈપણ પ્રકારની ધુમ્મસની સ્થિતિ હેશે નહીં. સોમવારે મોટી સંખ્યામાં વીઆઈપી લોકો વાઈબ્રન્ટ માટે પહોંચી રહ્યા છે.

## જીનાલી પટેલ પીએચડી થયા

ગાંધીનગર, તા.૮

અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજમાં અંગ્રેજી વિભાગમાં ફરજ બજાવતા મદદનીશ અધ્યાપક જીનાલી પટેલને કડી સર્વ વિશ્વ વિદ્યાલય તરફથી પીએચડીની ડીગ્રી એનાયત કરવામાં આવી છે તેમણે આ મહા શોધ નિબંધ 'કરીકયુલમ ડીઝાઈન એન્ડ ડેવલોપમેન્ટ ઈન ઈંગ્લીશ ઈન ધ યુનિવર્સીટીઝ ઓફ ગુજરાત', ડૉ. ઈન્દિરા નિત્યાનંદમના હાથ નીચે ભારે ઝીણવટપૂર્વક તૈયાર કર્યો છે. તેમની આ સિધ્ધી બદલ સમગ્ર કોલેજ પરિવારે તેમને હાર્દિક અભિનંદન પાઠવ્યા છે.

